## શિશુવિહાર બુધસભાના ઉપક્રમે
# સાહિત્ય અકાદમીનું પશ્ચિમ પ્રાદેશિક કવિ સંમેલન



સાહિત્ય અકાદમીના પ્રાદેશિક કાર્યાલય મુંબઈ અને શિશુવિહાર સંસ્થા, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે અમૃતપર્વ નિમિત્તે શનિવારે 'પશ્ચિમ પ્રાદેશિક કવિ-સંમેલન અને નિવેદન' વિષય પર 'સાહિત્ય મંચ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી, કોંકણી, મરાઠી અને સિંધી ભાષાના કવિઓએ કવિતાનું પઠન કર્યું હતું અને પોતાની ભાષામાં લખાઈ રહેલી સમકાલિન કવિતાઓ પર વકતવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના ઉદ્‌ઘાટનની શરૂઆતમાં સાહિત્ય અકાદમી પ્રાદેશિક કાર્યાલય મુંબઈના પ્રોગ્રામ ઓફિસર ઓમ પ્રકાશ નાગરે તેમના સ્વાગત પ્રવચનમાં સાહિત્ય અકાદમીના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમ જ કાર્યક્રમનું સંકલન કર્યુ હતું.

શરૂઆતના વકતવ્યમાં સાહિત્ય અકાદમીના ગુજરાતી પરામર્શ મંડળના કન્વીનર વિનોદ જોષીએ કાર્યક્રમના હેતુની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે આવા બહુભાષી કાર્યક્રમોનું આયોજન કરવાથી ભારતીય ભાષાઓમાં લખાઈ રહેલા સાહિત્ય અને તેની સંવેદના વિશે માહિતી મળે છે. સત્રના અધ્યક્ષ અને સાહિત્ય અકાદમીના પ્રમુખ અને સાહિત્ય અકાદમીના પ્રાદેશિક સલાહકાર મંડળના કન્વીનર નામદેવ તારાચંદાણીએ જણાવ્યું હતું કે કવિતાને આત્મસાત કરવા માટે સહાનુભૂતિ હોવી આવશ્યક

છે. વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તકોના સમાવેશ કરવાની જરૂરિયાત અંગે પણ તેમણે આશા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના પ્રથમ સત્રમાં અધિવેશનના પ્રમુખ ગુજરાતી પરામર્શ મંડળના કન્વીનર કવિ વિનોદ જોષીએ સમકાલીન ગુજરાતી કવિતા વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન યુવા ગુજરાતી કવયિત્રી રિંકુ રાઠોડ અને કવિ વિવેક ટેલરે તેમની પ્રતિનિધિ કવિતાઓ અને ગઝલોનું પઠન કર્યુ હતું.

બીજા સત્રમાં કોંકણી ભાષાના કવિઓ નેરી નજરેત અને હનુમંત ચોપડેકર તેમની કોંકણી કવિતાઓના મૂળ ભાષાનાં લખાણ અને હિન્દી અનુવાદનું વાંચન કર્યુ. આ પ્રસંગે અધિવેશનના પ્રમુખ, કોંકણી કન્સલ્ટેટિવ બોર્ડના કન્વીનર ભૂષણ ભાવેએ સમકાલિન કોંકણી કવિતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમના ત્રીજા સત્રમાં, મરાઠી કવયિત્રી સુમતિ લાંડે અને પ્રકાશ હોલકરે તેમની પ્રતિનિધિ મરાઠી કવિતાઓના મૂળ મરાઠી અને હિન્દી અનુવાદનું પઠન કર્યુ. સત્રના પ્રમુખ, સાહિત્ય અકાદમીના મરાઠી કન્સલ્ટેટિવ બોર્ડના કન્વીનર અને પ્રખ્યાત મરાઠી નવલકથાકાર, વિવેચક રંગનાથ પઠારેએ સમકાલીન મરાઠી કવિતા પર નિવેદન આપ્યું હતું. કાવ્ય ગોષ્ઠીના ચોથા સત્રમાં સિંધી કવિઓ નરેશ ઉધાની અને લાલ ચાવલાએ તેમની સિંધી કવિતાઓ રજૂ કરી હતી અને કાવ્યપઠન કર્યુ હતું. અધિવેશનમાં સિંધી કન્સલ્ટેશન બોર્ડના કન્વીનર નામદેવ તારાચંદાણીએ સમકાલીન સિંધી કવિતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનાં અંતે શિશુવિહાર સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. નાનક ભટ્ટે તમામ મહેમાન કવિઓ સાહિત્યકારોને અભિનંદન આપી અને આભાર વ્યક્ત કર્યો હતો.



ભાવનગરનાં પ્રબુદ્ધ નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિ તેમજ પશ્ચિમ

ભારતના સાહિત્યકારોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ પશ્ચિમી ભારત કવિ સંમેલનમાં પધારેલ ચારે ભાષાનાં સાહિત્યકારોનું શિશુવિહાર બુધસભા વતી સાહિત્ય, ખેસ અને મોમેન્ટોથી અભિવાદન કરવામાં આવેલ. ભોજન બાદ મોડી સાંજે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## શિશુવિહાર સંસ્થા દ્વારા અભિવાદન



શ્રી વિનોદભાઈ જોશી
અધ્યક્ષ: ગુજરાતી સત્ર



શ્રી નામદેવ તારાચંદાણી
પ્રમુખ: સાહિત્ય અકાદમી



શ્રી ભૂષણ ભાવે
કન્વીનર: કોંકણી ભાષા સત્ર



શ્રી રંગનાથ પઠારે
કન્વીનર: મરાઠી ભાષા સત્ર



શ્રી પ્રકાશ હોળકર, સુમતિ લાંડે
કન્વીનર: મરાઠી ભાષા સત્ર



શ્રી હનુમંત ચોપડેકર
કન્વીનર: મરાઠી ભાષા સત્ર